# Day to Day Current Affairs
## September – 2015

❖ **૧ સપ્ટેમ્બર, ૨૦૧૫ (મંગળવાર)**

### 1) ગાંધી – મંડેલા શ્રેણી :–

- ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને ક્રિકેટ સાઉથ આફ્રિકાએ જાહેર કરી છે કે ભવિષ્યમાં બંને દેશો વચ્ચે રમાનારી દ્વિપક્ષીય શ્રેણીઓને 'મહાત્મા ગાંધી – નેલ્સન મંડેલા શ્રેણી' ના નામથી ઓળખવામાં આવશે.
- બંને દેશો વચ્ચે ટેસ્ટશ્રેણીમાં 'ફ્રિડમ ટ્રોફી' આપવામાં આવશે. જે મહાત્મા ગાંધી અને નેલ્શન મંડેલાને સમર્પિત હશે.
- બીસીસીઆઈ પ્રમુખ :– જગમોહન દાલમિયા
- ક્રિકેટ સા. આફ્રિકા પ્રમુખ :– ક્રિસ નેન્જાની

### 2) બીજા વિશ્વ યુદ્ધની શરૂઆત :–

- વર્ષ – ૧૯૩૯ માં આજના દિવસે હિટલરના જર્મનીએ પોલેન્ડ પર હુમલો કરીને બીજા વિશ્વ યુદ્ધની શરૂઆત કરી હતી.
- પોલેન્ડ સાથે સમજૂતી કરનારા બ્રિટન અને ફ્રાંન્સે આ હુમલાના પગલે જર્મની સામે યુધ્ધ જાહેર કર્યુ હતું.

### 3) ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમની શરૂઆત :–

- દેશને આઝાદી મળી ત્યારબાદ એટલે કે વર્ષ – ૧૯૪૭ માં આજના દિવસે ભારત સરકારે ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ (IST) ને અપનાવવાની શરૂઆત કરી હતી.
- IST તે GMT (ગ્રીનીચ મીન ટાઈમ) થી સાડાપાંચ કલાક આગળ છે. અર્થાત ઈંગ્લેન્ડમાં જે સમયે બપોરના બાર વાગે છે ત્યારે ભારતમાં સાંજના સાડાપાંચ વાગેલા હોય છે.

### 4) રાજીવ મહર્ષિ :–

- દેશના નવા કેન્દ્રીય ગૃહ સચિવ તરીકે નિમણૂંક
- રાજીવ મહર્ષિ રાજસ્થાન કેડરના 1979 બેચના IAS અધિકારી છે.
- ગૃહ સચિવનો કાર્યકાળ બે વર્ષનો હોય છે.
- એલ. સી. ગોયલના સ્થાને તેમની નિમણૂંક કરવામાં આવી.

### 5) મનિષ સિસોદિયા :– દિલ્હીના નવા કાયદા મંત્રી

- દિલ્હીની સાડા છ મહિના જૂની કેજરીવાલ સરકારમાં ત્રીજા કાયદામંત્રીની નિમણૂંક કરાઈ.
- જીતેન્દ્ર તોમરની નકલી ડિગ્રીને કારણે તથા સોમવારે કપિલ મિશ્રાની હકાલપટ્ટી બાદ મનિષ સિસોદિયાની નિમણૂંક કરાઈ.

### 6) મુરલી ગાંવિત :– દોડવીર

- વતન :– વાસંદા, ગુજરાત
- આગામી વર્ષ – ૨૦૨૦માં જાપાનના ટોકિયોમાં યોજનાર ઓલિમ્પિકની તૈયારીની તાલીમ લેવા ભારતીય છ ખેલાડીઓમાં પસંદગી થઈ.
- અત્યારે મુરલી ગાંવિત કેન્યા ખાતે તાલીમ લઈ રહયો છે. ભારતની સ્પોર્ટ્સ ઓથોરીટી દ્વારા વર્ષ – ૨૦૨૦માં ટોકયો ઓલિમ્પિક ટ્રેનિંગ માટે ભારતના ૧૦૦૦ ઉચ્ચ પ્રદર્શનકારી એથ્લેટોમાંથી પસંદગી થઈ.

### 7) કેડેટ વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશીપ :–

- બોસ્નિયા એન્ડ હરઝેગોવિનિયાની રાજધાની સરજેવમાં યોજાયેલી કેડેટ રેસલિંગ વર્લ્ડ ચેમ્પીયનશીપમાં ભારતના રેસલર અનિલે ૫૦ કિગ્રા ફ્રી સ્ટાઈલ કેટેગરીની ફાઈનલમાં ઈરાનના રેસલર ઈરફાન એેનીને પરાજય આપી ગોલ્ડ મેડલ જિત્યો હતો.

### 8) રેમન મેગ્સેસે એવોર્ડ :–

- આ એવોર્ડ ફિલિપાઈન્સ દ્વારા આપવામાં આવે છે.
- ફિલિપાઈન્સની રાજધાની મનિલામાં યોજાયેલા એક સમારોહમાં ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખ બેનિગ્નો એકયુનો દ્વારા 'રેમન મેગ્સેસે' એવોર્ડ આપવામાં આવ્યા હતા જેમાં બે ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થયો હતો.
- આ એવોર્ડથી સન્માનિત થનારા બે ભારતીય નાગરીકોમાં (૧) આંશુ ગુપ્તા અને (૨) સંજીવ ચતુર્વેદી છે.
- આંશુ ગુપ્તા 'ગુંજ' નામની બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાના સ્થાપક છે.
- જયારે સંજીવ ચતુર્વેદી 'વ્હિસલ બ્લોઅર' બ્યુરોક્રેટ છે. ભ્રષ્ટાચાર સામે લડત ચલાવતા આ સનદી અધિકારીને તેમની પ્રમાણિકતા માટે અવોર્ડ આપવામાં આવ્યો હતો.

### 9) પાકિસ્તાનમાં પ્રથમ વખત હિન્દીમાં એમ. ફીલની ડિગ્રી એનાયત કરાઈ :–

- પાકિસ્તાના ઈતિહાસમાં પહેલી જ વાર એક યુનિવર્સીટીએ હિન્દીમાં એમ. ફિલની ડિગ્રી એનાયત કરી.
- સેના દ્વારા સંચાલિત નેશનલ યુનિવર્સિટી ઓફ મોર્ડન લેંગ્વેજીઝ પાકિસ્તાનમાં પ્રથમ યુનિવર્સિટી બની છે જેણે હિન્દીમાં આ ડિગ્રી એનાયત કરી હોય.

Vivekanand Academy, Gandhinagar

- પાકિસ્તાની વિદ્યાર્થીની શાહીન ઝફર હિન્દીમાં એમ. ફિલની ડીગ્રી મેળવનાર પ્રથમ વિદ્યાર્થી બની છે.

Vivekanand Academy, Gandhinagar